આઇસીડીએસ યોજના અંતર્ગત રાજ્યની આંગણવાડીઓમાં અપગ્રેડેશન માટે ફાળવવામાં આવેલ ગ્રાન્ટમાંથી શૌચાલયનું બાંધકામ કરવા બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: આઇસીડી/૧૧૨૦૧૪/૩૧૬૪/બ
સચિવાલય, ગાંધીનગર
તા. ૭-૧-૨૦૧૫

સંદર્ભ:-

(૧) મહિલા અને બા. વિ. વિ. ના તા.૨૯-૪-૨૦૧૩ના ઠરાવ ક:આઇસીડી/૧૧૨૦૧૩/૪૧૦/બ

(૨) મહિલા અને બા. વિ. વિ. ના તા.૧૮-૫-૨૦૧૩ના ઠરાવ ક:આઇસીડી/૧૧૨૦૧૩/૪૧૮/બ

(૩) મહિલા અને બા. વિ. વિ. ના તા.૧૧-૯-૨૦૧૪ના ઠરાવ ક:આઇસીડી/૧૦૨૦૧૪/૫૦૭૯૫૨/બ

(૪) ભારત સરકારના મહિલા અને બા. વિ. મંત્રાલયના પત્ર તા.૮-૧૨-૧૪ના પત્ર ક:૧૯-૩/૨૦૦૪-સીડીઆઇ(પાર્ટ)

(૫) કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીનો તા.૨૯/૧૨/૨૦૧૪નો પત્ર ક્રમાંક: આઈસીડીએસ/આંગણવાડી/અપગ્રેડેશન/ગ્રાન્ટ/શૌચાલાય બાંધકામ/મંજુરી/૫૧૯૪૮/૨૦૧૪

ઠરાવ:-

સંદર્ભ (૧) અને (૨) માં દર્શાવેલ આ વિભાગ ના ઠરાવથી પ્લાન અને નોન પ્લાન સદરે ૨૦૧૩-૧૪ના વર્ષમાં ૫૦૦૦ આંગણવાડી કેન્દ્રોના અપગ્રેડેશન માટે નવી બાબતની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. સંદર્ભ (૩) માં દર્શાવેલ ભારત સરકારના મહિલા અને બાળ વિકાસ મંત્રાલયના પત્ર થી સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત આંગણવાડી કેન્દ્રના અપગ્રેડેશન માટે મંજુર થયેલ ફંડમાંથી આંગણવાડી કેન્દ્રોમાં શૌચાલાયની સુવિધા માટે વાપરી શકાશે તેમ જણાવેલ છે. સંદર્ભ (૫) માં દર્શાવેલ કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીના તા.૨૯/૧૨/૧૪ના પત્રથી ૨૦૧૩-૧૪માં નવી બાબતે તેમજ સને ૨૦૧૪-૧૫માં ચાલુ બાબતે આંગણવાડી કેન્દ્રોનાં અપગ્રેડેશન માટે પ્રતિ આંગણવાડી રૂ.૧,૦૦,૦૦૦/-ની જોગવાઇને વહીવટી મંજુરી આપવામાં આવેલ છે તે અપગ્રેડેશનનાં ફંડમાંથી આંગણવાડી કેન્દ્રનાં એક યુનિટ દીઠ એક શૌચાલયનું બાંધકામ કરવાના હેતુસર ફંડનો ઉપયોગ કરવા દરખાસ્ત કરેલ છે.

કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરીની દરખાસ્ત અંગે ૨૦૧૩-૧૪માં નવી બાબતે તેમજ સને ૨૦૧૪-૧૫માં ચાલુ બાબતે આંગણવાડી કેન્દ્રોનાં અપગ્રેડેશન માટે પ્રતિ આંગણવાડી રૂ.૧૦૦૦૦૦/-ની જોગવાઇને વહીવટી મંજુરી આપવામાં અવેલ છે તે અપગ્રેડેશનનાં ફંડમાંથી આંગણવાડી કેન્દ્રનાં એક યુનિટ દીઠ એક શૌચાલયનું બાંધકામ કરવાના હેતુસર ફંડનો ઉપયોગ કરવા આથી મંજુરી આપવામાં આવે છે. મહિલા અને બાળ વિકાસ વિભાગ ના નવી બાબત ૨૦૧૩-૧૪ તેમજ સને ૨૦૧૪-૧૫ ચાલુ બાબત ના ઠરાવોની અન્ય શરતો યથાવત રહેશે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(અંજના ક્રિશ્ચિયન)
ઉપસચિવ
મહિલા અને બાળવિકાસ વિભાગ

પ્રતિ,

–માન. રા. ક. મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર.
– અગ્રસચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, બજેટ શાખા, સચિવાલય, ગાંધીનગર.
–કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
–નિયામકશ્રી(આઈસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ૨૦, ડૉ.જીવરાજ મહેતાભવન, ગાંધીનગર
– નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
–એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
–પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
–વિભાગના સર્વે અધિકારીશ્રીઓ/શાખાઓ.
–સિલેકટ ફાઈલ.

C:\Users\admin.admin-PC\Desktop\New item 14-15\ICD-112014-3164 B.doc